પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૪) અંક નં. ૪૨ | ૨૩ એપ્રિલ, ૨૦૧૯, મંગળવાર; ચૈત્ર વદ - ૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# આજે ત્રીજા તબક્કામાં ૧૧૬ બેઠકો પર મતદાન

**૧૪ રાજ્યોમાં ગુજરાતની ૨૬, કેરળ-૨૦, મહારાષ્ટ્ર-કર્ણાટકની ૧૪-૧૪ બેઠકો પર મતદાન થશે : અમિત શાહ, અનંતકુમાર હેગડે, રાહુલ ગાંધી, સંબિત પાત્રા, શશી થરુર, મુલાયસિંહ, આઝમ ખાન, જયાપ્રદા, વરુણ ગાંધી સહિતના દિગ્ગજ નેતાઓનું ભાવિ ઇવીએમમાં કેદ થશે : ત્રીજા તબક્કામાં કુલ ૧૫૯૪ ઉમેદવારો મેદાને જેમાં ૧૪૨ મહિલા ઉમેદવાર, ૩૪૦ ઉમેદવારો ગુનાહિત ઇતિહાસ ધરાવે છે**

### કઈ બેઠકો પર મતદાન

| રાજ્ય | બેઠક |
|---|---|
| ગુજરાત | ૨૬ |
| કેરળ | ૨૦ |
| મહારાષ્ટ્ર | ૧૪ |
| કર્ણાટક | ૧૪ |
| ઉત્તરપ્રદેશ | ૧૦ |
| છત્તીસગઢ | ૦૭ |
| ઓરિસ્સા | ૦૬ |
| બિહાર | ૦૫ |
| બંગાળ | ૦૫ |
| આસામ | ૦૪ |
| ગોવા | ૦૨ |
| જમ્મુ-કાશ્મીર | ૦૧ |
| દાદરાનગર હવેલી | ૦૧ |
| દમણ અને દીવ | ૦૧ |
| કુલ | ૧૧૬ |

નોંધ : ૧૨ રાજ્યો અને બે કેન્દ્રશાસિત પ્રદેશમાં મતદાન

**દેશના ૧૨ રાજ્ય અને બે કેન્દ્રશાસિત પ્રદેશની ૧૧૬ બેઠકો પર મતદાન થશે : રાષ્ટ્રીય પક્ષોના ૩૧૬ અને ક્ષેત્રિય પક્ષોના ૭૬ ઉમેદવાર સહિત કુલ ૧૬૧૨ ઉમેદવારો ત્રીજા તબક્કામાં મેદાનમાં : ભાજપ-કોંગ્રેસની પ્રતિષ્ઠા દાવ ઉપર**

નવીદિલ્હી,તા. ૨૨

૧૨ રાજ્યો અને બે કેન્દ્રશાસિત પ્રદેશોને આવરી લેતી લોકસભાની ૧૧૬ બેઠકો પર ત્રીજા તબક્કાની ચૂંટણી માટે આવતીકાલે મતદાન યોજાનાર છે. કરોડો મતદારો ચૂંટણી મેદાનમાં રહેલા ઉમેદવારોના ભાવિનો ફેંસલો કરવા માટે સજ્જ દેખાઈ રહ્યા છે. આવતીકાલે ત્રીજા તબક્કાના મતદાનની સાથે જ ૩૦૨ સીટ પર લોકસભાની ચૂંટણી માટેની પ્રક્રિયા પૂર્ણ થઈ જશે. હજુ સુધી બે તબક્કામાં કુલ ૧૮૬ સીટ પર મતદાનની પ્રક્રિયા પૂર્ણ થઈ ચુકી છે. ઉંચા મતદાનની ખાતરી કરવા માટેના તમામ પ્રયાસ કરવામાં આવી રહ્યા હોવા છતાં અપેક્ષા મુજબનુ મતદાન હજુ સુધી થયુ નથી. ત્રીજા તબક્કામાં ઉત્તરપ્રદેશની ૧૦ સીટ પર મતદાન થનાર છે. મુખ્ય સ્પર્ધા ભાજપ અને ગઠબંધન વચ્ચે છે. ઉત્તરપ્રદેશમાં ત્રીજા તબક્કામાં ૯૫.૫ લાખ પુરૂષ મતદારો છે. જ્યારે ૮૦.૯ લાખ મહિલા મતદારો છે. કુલ એક કરોડ ૭૬ લાખ મતદારો કુલ ૧૨૦ ઉમેદવારોના ભાગ્યનો ફેંસલો કરવા જઈ રહ્યા છે. બિહારમાં પાંચ સીટ પર મતદાન યોજાનાર છે. પાંચ સીટ પર ૮૨ ઉમેદવારો મેદાનમાં છે. કુલ ૮૮.૩૧ લાખ મતદારો છે. કર્ણાટકમાં કુલ ૧૪ સીટ પર ૨૩૭ ઉમેદવારો મેદાનમાં છે. ગઈકાલે રવિવારના દિવસે ત્રીજા તબક્કા માટે ચુંટણી પ્રચારનો અંત આવ્યા બાદ હવે ઘરે ઘરે જઈને પ્રચારની શરૂઆત થઈ હતી. આવતીકાલે ત્રીજા તબક્કામાં ગુજરાતમાં પણ તમામ ૨૬ બેઠક પર મતદાન યોજાનાર છે. તમામ ઉમેદવારોના ભાવિ ૨૩મી એપ્રિલના દિવસે મતદાન બાદ સીલ થશે. ૧૧૬ બેઠકો, ૧૩ રાજ્યો અને બે કેન્દ્ર શાસિત પ્રદેશોમાં આવેલી છે. આવતીકાલે ત્રીજા તબક્કામાં જ્યાં મતદાન યોજાનાર છે તેમાં ગુજરાતમાં તમામ ૨૬, કેરળમાં ૨૦, મહારાષ્ટ્ર અને કર્ણાટકમાં ૧૪-૧૪ ઉત્તરપ્રદેશમાં ૧૦, છત્તીસગઢમાં સાત બેઠકો પર મતદાન થશે. જમ્મુ-કાશ્મીરમાં એક બેઠક ઉપર મતદાન થશે.મંગળવારના દિવસે યોજાનાર ૧૧૬ સીટ પરના મતદાનને લઈને અભૂતપૂર્વ તૈયારીઓ કરી લેવામાં આવી છે. હજુ સુધી બે તબક્કામાં મતદાન થઈ ચુક્યું છે. ૧૮૬ બેઠક પર મતદાન થયું છે. ૧૧મી એપ્રિલના દિવસે પ્રથમ તબક્કામાં અને ૧૮મી એપ્રિલના દિવસે બીજા તબક્કામાં મતદાન થયું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે લોકસભા ચૂંટણી માટેના કાર્યક્રમની ચૂંટણી પંચે ૧૦મી માર્ચના દિવસે જાહેરાત કરી દીધી હતી. આની સાથે લોકસભા ચૂંટણી માટેનું રણશિંગુ ફુંકાઈ ગયું હતુ. ચૂંટણી પંચે લોકસભાની કુલ ૫૪૩ સીટો ઉપર સાત તબક્કામાં ચૂંટણી માટેના કાર્યક્રમની જાહેરાત કરી હતી જે સાત તબક્કામાં મતદાન યોજાનાર છે તે પૈકી પ્રથમ તબક્કામાં ૧૧મી એપ્રિલના દિવસે અને બીજા તબક્કામાં ૧૮મી એપ્રિલના દિવસે મતદાન થયું હતું. હવે ત્રીજા તબક્કામાં આવતીકાલે મતદાન થનાર છે. ચોથા તબક્કામાં ૨૯મી એપ્રિલના દિવસે મતદાન યોજાશે જ્યારે પાંચમાં તબક્કામાં છઠ્ઠી મે, છઠ્ઠા તબક્કામાં ૧૨મી મે અને ૧૯મી મેના દિવસે સાતમાં તબક્કામાં મતદાન થશે.તમામ તબક્કાની મતગણતરી એક સાથે ૨૩મી મેના દિવસે યોજાશે. આનો મતલબ એ થયો કે, ૧૭મીલોકસભામાં સત્તાની ચાવી કોની પાસે આવશે તે અંગેનો ફેંસલો ૨૩મી મેના દિવસે થશે. પ્રથમ તબક્કામાં ૨૦ રાજ્યોમાં ૯૧ સીટો ઉપર મતદાન થયુ હતુ.

## ‘ચોકીદાર ચોર હૈ’ નિવેદનને લઈ રાહુલે સુપ્રીમમાં દુઃખ વ્યક્ત કર્યું

**ચૂંટણીની ઉત્તેજનામાં આવીને નિવેદન કર્યું હતું : રાહુલની દલીલ : સમગ્ર મામલામાં આજે સુનાવણી હાથ ધરાશે**

નવી દિલ્હી,તા. ૨૨

કોંગ્રસ પ્રમુખ રાહુલ ગાંધી સુપ્રીમ કોર્ટમાં પોતાના ચોકીદાર ચોર હેના નિવેદનન લઈને આજે દુખ વ્યક્ત કર્યુ હતું. સુપ્રીમ કોર્ટમાં એફિડેવિટ દાખલ કરીને રાહુલ ગાંધીએ કહ્યુ હતું કે ચૂંટણીની ઉત્તેજનામાં આ નિવેદન કરવામાં આવ્યુ હતુ. રાફેલ કેસમાં સુપ્રીમ કોર્ટના ચુકાદાના અનુસંધાનમાં રાહુલ ગાંધીએ આ પ્રકારની ટિપ્પણી કરી હતી. સુપ્રીમ કોર્ટમાં તેમની સામે દાખલ કરવામાં આવેલી તિરસ્કાર અરજીના જવાબાં રાહુલ ગાંધીએ આજે કહ્યું હતું કે, રાજકીય પ્રચારના અનુસંધાનમાં આ નિવેદન કરવામાં આવ્યું હતું. તેમના હરીફ લોકો દ્વારા આ સૂચનને ખોટીરીતે રજૂ કરવામાં આવ્યું હતું. તેઓએ જાણી જોઈને ઈરાદાપૂર્વક આવું નિવેદન કર્યું ન હતું. ગાંધીએ કહ્યું હતું કે, તેમના મનમાં આ પ્રકારની કોઈપણ ભાવના રહેલી નથી. પોતાની એફિડેવિટમાં રાહુલે કહ્યું હતું કે, મોદી સામે તેમનું નિવેદન રાજકીય પ્રચાર વેળા કરવામાં આવ્યું હતું.

૧૦મી એપ્રિલના દિવસે સુપ્રીમ કોર્ટના આદેશને વાંચ્યા વગર અથવા તો જોયા વગર આ નિવેદન કરવામાં આવ્યું હતું. કોર્ટ કાર્યવાહીના સંદર્ભમાં નુકસાન



પહોંચાડવાનો કોઈ હેતુ ન હતો.

ભાજપના નેતા મિનાક્ષી લેખીએ સુપ્રીમ કોર્ટમાં અરજી કરીને આક્ષેપ કર્યો હતો કે, રાહુલ ગાંધીએ જાણી જોઈને કોર્ટનો તિરસ્કાર કર્યો છે. રાહુલ ગાંધીના આ નિવેદનને લઈને કોંગ્રેસ પાર્ટીને ફટકો પડી શકે છે. કારણ કે રાહુલ ગાંધી વારંવાર શબ્દોનો ઉપયોગ કર્યો હતો.

સુપ્રીમ કોર્ટ દ્વારા નવા દસ્તાવેજોના આધાર પર રાફેલ ડીલ પર ફેરવિચારણા અરજી સ્વીકાર કરવામાં આવ્યા બાદ રાહુલ ગાંધીએ આ નિવેદન કર્યુ હતુ. રાહુલ ગાંધીએ એ વખતે કહ્યુ

● અનુસંધાન પાન-૭ પર




ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225

